## કચ્છની ગૌરવગાથા ગાતું
# કોઠારાનું જિનચૈત્ય

—ચંદુભા રતનસિંહ જાડેજા

કચ્છ પ્રદેશનાં જે કોઈ ગામો અથવા શહેરોમાં જિનાલયો અર્થાત્ જિનચૈત્યો છે, તે સર્વ ચૈત્યો સુંદર શિલ્પાકૃતિ ધરાવે છે. તેમાં પણ અબડાસા વિભાગના સુથરી, કોઠારા, જખૌ, નળિયા, તેરા આ પાંચ ગામનાં જિનમંદિરો પંચતીર્થીમાં ગણાય છે. તદુપરાંત સાંધાણનું દહેરાસર પણ એની તુલનામાં આવે ખરું! આ સર્વ જિનપ્રાસાદો સર્વોત્તમ શિલ્પાકૃતિવાળા અને ભવ્ય છે.

તેમાં પણ, કોઠારાના જિનાલયની 'કલ્યાણ ટૂંક.' ટૂંક એટલે એકથી વધારે દહેરાસરોનું જૂથ. એ રીતે જખૌનાં દહેરાંને 'રત્ન ટૂંક' કહેવામાં આવે છે. આમ કચ્છનાં ઘણાં અન્ય જૈન–વૈષ્ણવ મંદિરો પ્રાચીન અને ભવ્ય હોવા છતાં સૌમાં શ્રેષ્ઠ, ભવ્ય અને સુંદર શિલ્પને કારણે કોઠારાના જિનાલયને આગવું સ્થાન આપવામાં આવે છે.

આ જિનપ્રાસાદને જોતાં એમ જણાય છે કે, આખું યે શિલ્પશાસ્ત્ર મૂર્તિમાન કરવાને માટે જાણે કુશળ શિલ્પીઓએ અહીં કંડારી લીધું હોય, એવો દર્શન કરનાર સહૃદયને આભાસ થયા વિના રહેતો નથી. શિલ્પશાસ્ત્ર અનુસાર આવા મંદિરને 'મેરુપ્રભ' એવું નામાભિધાન આપવામાં આવે છે.

સાત ગર્ભગૃહ યુક્ત, પાંચ શિખર સહિત રંગમંડપ અને ઉપર ચારે કોર સામણી તેમ ત્રણ ચૌમુખજી છે. જિનાલયની નીચેના ભાગમાં ભોંયરુ છે; તેમાં પણ કુંથુનાથ આદિ જિનબિંબો પધરાવવામાં આવ્યાં છે. મૂળ નાયક શ્રી શાંતિનાથ પ્રભુજી બિરાજેલા છે. જિનાલયને ફરતો પરકોટ અને તેના પ્રવેશદ્વારનાં તોરણ અને સ્તંભોની કોરણ બેનમૂન ગણાય. દ્વારની બન્ને બાજુએ બે ગવાક્ષો (ગોખલા)ની બારીક કોતરણી જોનારાઓને મુગ્ધ કરી દે એવી છે. આબુ–દેલવાડાનાં મંદિરોમાં દેરાણી–જેઠાણીના ગોખલાની યાદ દેવડાવે છે, એમ કહેવામાં કશી ય અતિશયોક્તિ નથી. તુલનાત્મક દૃષ્ટિએ ન્યાય કરવો એ કોઈ કુશળ શિલ્પીનું કામ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કચ્છની ધરતી ઉપર આવી શિલ્પસમૃદ્ધિના સર્જક શેઠશ્રી વેલજી માલુ, શેઠશ્રી શીવજી નેણશી અને શેઠશ્રી કેશવજી નાયક; ખરેખર આ ત્રિપુટી જ ગણાય. એમાં પણ શ્રીમાન શેઠ કેશવજી નાયકની બુદ્ધિ, બળ, ઓજસ્ અને આવડત આ નિર્માણકાર્યમાં મોખરે ગણાય. એઓશ્રી પુણ્યાનુબંધી પુણ્યે જન્મેલા રાજયોગયુક્ત શ્રેષ્ઠી હતા, એમ કહેવામાં ખોટું નથી. એમનો જન્મ પોતાના મોસાળ લાખણિયામાં થયેલો. વતનનું ગામ કોઠારા.

લાયક લાખણીયે પકો, નાયક કેશવ નામ;
કીર્તિ ઠ.મોઠામ, કરમી જન્મ્યો કચ્છમેં. [૧]

તે વખતે કચ્છની ધરતી ઉપર, મહારાવ શ્રી પ્રાગમલ્લજીનું રાજ્યશાસન હતું. એ અરસામાં કોઠારાના જાગીરદાર ઠાકોરશ્રી મોકાજી જાડેજા હતા. ત્યારે આ જિનાલય બાંધવા માટે ૭૮ ફૂટ લંબાઈ, ૬૪ ફૂટ પહોળાઈ અને ૭૩ ફૂટ ૬ ઇંચ ઊંચાઈ સૂચવતો પ્રમાણ માપનો નકશો તૈયાર કરાવી, શેઠશ્રીએ જાડેજા રાજવીઓની મંજૂરી માટે રજૂ કર્યો.

પરંતુ, કોઠારી જાગીરદાર આવા બે માળવાળા ઊંચા સ્થાપત્ય માટે મંજૂરી આપવાને સહમત ન થયા; કારણ કે, જે સ્થળે દહેરાસર માટેની ભૂમિ પસંદ કરેલી, તેની બાજુમાં જ દરબારગઢ હોવાને કારણે જનાનખાનામાં આવનારાં–જનારાં પર દૃષ્ટિ પડે; એટલે મર્યાદા-ભંગને લીધે ઠાકોરશ્રીએ એ નકશો નામંજૂર કર્યો.

શેઠશ્રી કેશવજી નાયક જેવા વિચક્ષણ બુદ્ધિમત્તા ધરાવનાર માણસ આનો ઉકેલ ન શોધી શકે તો જ આશ્ચર્ય કહેવાય! તેમણે ઠાકોરશ્રીને વચન આપ્યું કે, અમારો સંકલ્પ પાર પડે તો સાથોસાથ ઠાકોરશ્રીનો દરબારગઢ પણ અવિલોકય રહે. આ રીતે રાજમહાલયના ગઢની રાંગ (જાડી દીવાલ) જિનાલય બાંધતી વખતે શ્રેષ્ઠીઓ ઊંચી ચણાવી આપવા જાગીરદારશ્રીની સાથે વચનથી બંધાયેલા છે. આવી રીતે મૂળ નકશો મોકાજી જાડેજા પાસેથી મંજૂર કરાવી કચ્છ સાભરાઈ શિલાવટ (સલાટ) સૂત્રધાર નથુભાઈ ગજધરની દેખભાળ નીચે સેંકડો ચુનંદા કારીગરો રોકી કચ્છ પ્રદેશના ગોણીઆસર, ધોકડા અને નાંભઈની ખાણોમાંથી પથ્થર મંગાવી શુભ મુહૂર્તે મંદિરનો શિલાન્યાસ એટલે ખાતમુહૂર્તવિધિ કરી કામ શરૂ કરાવ્યું.

કુલદીપક દશાઈ જો, બધેં પુનજી પાજ;
શિરોમણિ શિરતાજ, નાયક નાયક નાતજો. [૨]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દહેરાસરનું કામ સં. ૧૯૧૪માં શરૂ કરી, ૧૯૧૮માં પૂરું કરવામાં આવ્યું. આ કામ માટે મુખ્ય ફાળો, કોરી આઠ લાખ શેઠશ્રી વેલજી માલુએ અને કોરી છ લાખ શેઠશ્રી શીવજી નેણસીએ આપેલી, તેમ જ જમીન પણ આ બન્ને મહાનુભવોની હોવાથી દહેરાસર ઉપર આ બન્ને શ્રેષ્ઠીવર્યોનાં નામ રાખવામાં આવ્યાં. શેઠશ્રી કેશવજી નાયકનો એમાં બે લાખ કોરીનો ફાળો હોવાથી એકંદરે સોળ લાખ કોરીનો ખર્ચ એ અરસામાં આ જિનાલય પાછળ કરવામાં આવ્યો છે. વળી આ દેરાસરનું કામ શેઠશ્રી શીવજી નેણશીએ પોતાની જાત દેખરેખ નીચે દેશમાં રહી કરાવેલું છે.

દહેરાસરના રંગમંડપમાં કાચનું કામ પણ બહુ સુંદર કહી શકાય તેવું છે. ગર્ભગૃહ મંડપ અને દરસણીમાં શ્વેતશ્યામ સંગેમરમરની લાદીઓ પાથરવામાં આવેલી છે. ઉપરના ભાગમાં એક મોટો ઘંટ છે, જેનો લાભ ઘંટારવ (અવાજ) ત્રણેક માઈલ ઉપર તો સહેલાઈથી સંભળાય છે.

આ દહેરાસરની કલ્યાણ ટૂંકમાં અન્ય જે ભાગ્યશાળી મહાનુભાવ શેઠિયાઓએ દેવકુલકો–દહેરાંઓ બંધાવ્યાં છે, એમનાં નામ આ પ્રમાણે છે: શ્રી પાંચુભાઈ તેજશી, શ્રી ત્રિકમજી વેલજી, શ્રી પદમશી વીરજી, શ્રી શામજી હેમરાજ, શ્રી પરબત લધા અને શ્રી લાલજી મેઘજી.

સંપૂર્ણ જિનાલય તૈયાર થયા બાદ આ ત્રણે શ્રેષ્ઠિવર્યોએ મુંબઈથી શ્રી શત્રુંજયગિરિનો સંઘ કાઢયો. શ્રી સિદ્ધગિરિની વંદના બાદ, સંઘ સહિત કચ્છમાં આવી, દહેરાસરજીમાં ભગવંતનાં બિંબોની પ્રતિષ્ઠાવિધિ કરાવી. અઠ્ઠાઈ મહોત્સવનું ઉજમણું નક્કી કર્યું. અચલગચ્છાધિપતિ શ્રી રત્નસાગરસૂરિજી તેમ જ અન્ય શ્રમણસમુદાય સહિત કુલ ૧૧૦૨ની જનસંખ્યા ધરાવતો સંઘ પાલીતાણાની યાત્રા કરી વળતાં કચ્છમાં આવ્યો. શેઠશ્રી કેશવજી નાયક અંગ્રેજ સરકારને મન અને દેશી રજવાડાંમાં પણ, એમની ઉદારવૃત્તિ અને અવિરતિ દાનને કારણે રાજ્યમાન રાજેશ્વરી હોવાથી, રસ્તામાં રાજામહારાજાઓ તેમ જ શ્રીસંઘો દ્વારા તેમનું ઠેરઠેર બહુમાન કરવામાં આવ્યું.

સલામ ભરીયેં શેઠજી, ટોપીવાળા તમામ;
ગઢપત ગામોગામ, ગુણ સંભારીં ગરાસિયા. [૩]

શાતાપૂર્વક યાત્રા કરી સંઘ કચ્છમાં આવ્યો. અહીં પણ ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. સાકર તેમ જ થાળની લહાણી કરવામાં આવી. ત્યાર પછી શ્રી રત્નસાગરસૂરિજી પાસે મુહૂર્ત જોવડાવી સંવત ૧૯૧૮ના મહા સુદ ૧૩, બુધવારના વિજયમુહૂર્તે શ્રી રત્ન-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાગરસૂરિજીની નિશ્રામાં અઠ્ઠાઈ ઉજવણી મૂળ નાયક શ્રી શાંતિનાથ ભગવાન તેમ જ જિનબિંબોની પ્રતિષ્ઠાવિધિ આ ત્રણે શ્રેષ્ઠિવર્યોએ કરાવી. એક મોટો જ્ઞાતિમેળો કર્યો. તેમાં નવ ટંક ભોજનની સાથે સાકરની ભરેલ બે કાંસાની થાળીઓની પ્રભાવના કરવામાં આવી હતી.

ધરમી હિન ધરતી મથે, ધરમધજા લહેરાયે;
ખીર શક્કર ખારાંય, કાયમ નાં કેશવ રખે. [૪]

આ જિનાલય ઉપરાંત, ત્રણે શેઠિયાઓએ બે માળનો વિશાળ ઉપાશ્રય, મહાજનવાડી, પાંજરાપોળ અને ફૂલવાડી વગેરે સંસ્થાઓ લાખો કોરીઓ ખર્ચીને તૈયાર કરાવી. શ્રી કેશવજી નાયકની સખાવતો આમ તો કચ્છમાં અને કચ્છની બહાર ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે અનેક છે.

કોઠારાના જિનાલય ઉપરાંત શત્રુંજય ગિરિ ઉપર સંવત ૧૯૨૧માં શ્રી નરશી કેશવજીના નામે એક જિનાલય બંધાવી, શ્રી અભિનંદન સ્વામી આદિ પ્રતિમાઓ ભરાવી. તદુપરાંત ૧૯૨૮ની સાલમાં ગિરિવર ઉપરની વાઘણ પોળની પાસે ટૂંક બંધાવી, શ્રી અનંતનાથજી ભગવાન તેમ જ અન્ય જિનબિમ્બોની પ્રતિષ્ઠા અને અંજનશલાકા ગચ્છનાયક શ્રી રત્નસાગરસૂરીશ્વરજી પાસે કરાવી. આ કાર્યમાં કુલ્લે સોળ લાખ રૂપિયા ખર્ચવામાં આવ્યા. આ ટૂંક ' શ્રી કેશવજી નાયકની ટૂંક 'ના નામે ઓળખાય છે.

શ્રી ગિરિનારજી ( ગિરનારજી ) ઉપરનાં જૈન દહેરાં ખુલ્લાં હોવાના કારણે ટૂંકને ફરતો કોટ તેમ જ શ્રી નેમિનાથજી ભગવાનની કોટ ઉપર માઢ મેડી પણ શ્રી કેશવજી શેઠે રૂપિયા ૪૫,૦૦૦ ખરચી તૈયાર કરાવી આપી. વિક્રમના વીસમા સૈકામાં આ તીર્થનો જીર્ણોદ્ધાર શ્રી કેશવજી શેઠે કરાવ્યો. એવી જ રીતે સંવત ૨૦૦૫માં મુંબઈના શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તરફથી કચ્છ કોઠારાના દહેરાસરજીનો જીર્ણોદ્ધાર તથા ધ્વજદંડ પ્રતિષ્ઠા મહોત્સવ તેમ જ જિનાલયનો શતાબ્દી મહોત્સવ શ્રી સંઘે શેઠશ્રી જેઠાભાઈ નાયકના પ્રમુખપદે ઉજવ્યો. શ્રી વેલજી માલુ, શ્રી શીવજી નેણશી તથા શેઠશ્રી કેશવજી નાયકની ધર્મભાવનાના પ્રતીક સમું આ દહેરાસર કોઠારા ગામમાં કીર્તિસ્તંભ સમાન આજે પણ ઊભું છે. નિર્માતાઓને અંજલિ આપી વિરમીશું.

લાયક ભલે લખું અંઈ, નાયક સાયક કોય;
પાણી પીને પોય ઘર, પૂછી પસતાંઇંધા. [૫]
કાવ્ય કીર્તિ કેશવ કવિ, દાનકીરત દશપાલ;
અક્કલ વડો ઓશવાલ, જસનામી તું જગતમેં. [૬]

* * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org